

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા



GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી–હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 17,(SURAT), DATE-14/10/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૧૭, (સુરત), તા.૧૪/૧૦/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 બારડોલી સુગરમાં સિઝન ૨૦૨૬-૨૭ ના શ્રીગણેશઃ ૧૪ લાખ મે. ટન પિલાણ થશે

3 ચાર ડોમવાળી નવરાત્રિને નોટિસ, સરસાણા ડોમમાંથી ૧૭ સિલિન્ડર મળ્યા બાદ છેલ્લી ઘડીએ મંજૂરી મળી

4 શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે ૭૯૦ મો આઈ કેમ્પ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું


## નવરાત્રિના રંગે રંગાયેલા ગરબા સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે સજ્જ બારડોલી ની ૧૮૧ અભયમ ટીમ

### બારડોલી બાબેન ના પુષ્કર પાર્ક ખાતે ગરબા કાર્યક્રમની મુલાકાત લઈ ૧૮૧ અભયમની ટીમે મહિલાઓ અને યુવતીઓને સુરક્ષા અંગે કર્યા જાગૃત, મુશ્કેલીના સમયે ૧૮૧નો સંપર્ક કરવા આપી સમજ

**બારડોલી-** નવરાત્રિના પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ સુરક્ષિત વાતાવરણમાં ગરબાનો આનંદ માણી શકે અને કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં સમયસર સહાય મેળવી શકે તે હેતુથી ગુજરાત સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન દ્વારા વિવિધ ગરબા સ્થળોએ વિશેષ જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત બાબેન ના પુષ્કર પાર્ક ખાતે યોજાયેલા ગરબા કાર્યક્રમની ૧૮૧ અભયમની ટીમ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન મહિલાઓ, યુવતીઓ અને ખેલૈયાઓ સાથે સીધો સંવાદ સાધી મહિલા સુરક્ષા, વ્યક્તિગત સલામતી તથા મુશ્કેલીના સમયે મદદ મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.






૧૮૧ અભયમની ટીમ દ્વારા મહિલાઓ અને યુવતીઓને ગરબા દરમિયાન છેડતી, અયોગ્ય સ્પર્શ, અશોભનીય ટિપ્પણી, અપશબ્દો, પીછો કરવો, ધમકી આપવી કે અન્ય કોઈપણ પ્રકારની હેરાનગતિ જેવી પરિસ્થિતિઓથી સાવચેત રહેવા સમજાવવામાં આવે છે. આવી કોઈ ઘટના બને તો ગભરાયા વિના પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપવા, નજીકના સુરક્ષાકર્મી અથવા પોલીસની મદદ લેવા તથા જરૂરિયાત મુજબ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

નવરાત્રિ દરમિયાન ગરબાના કાર્યક્રમો મોડી રાત સુધી ચાલતા હોવાથી મહિલાઓને વિશ્વાસુ વ્યક્તિઓ સાથે આવવા-જવા, પરિવારજનોને પોતાના સ્થળ અને આવવા-જવાના સમયની જાણ કરવા, મોબાઇલ ફોન ચાર્જ રાખવા તથા શક્ય હોય ત્યાં સુધી સુરક્ષિત અને પ્રકાશિત માર્ગનો ઉપયોગ કરવા સમજાવવામાં આવે છે. કોઈ વ્યક્તિ પીછો કરતી હોય અથવા અસુરક્ષિત અનુભવ થાય તો એકાંત સ્થળે જવાને બદલે લોકોની અવરજવરવાળા સુરક્ષિત સ્થળે પહોંચીને તાત્કાલિક મદદ મેળવવા અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવે છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમ મહિલાઓને હેલ્પલાઇનની સેવાઓ વિશે માહિતગાર કરે છે. ઘરેલું હિંસા, માનસિક કે શારીરિક હેરાનગતિ, છેડતી, ધમકી અથવા અન્ય મુશ્કેલ પરિસ્થિતિમાં માર્ગદર્શન અને સહાય મેળવવા માટે ૧૮૧નો સંપર્ક કરી શકાય છે તે અંગે સમજ આપવામાં આવે છે. જરૂરિયાત મુજબ મહિલાઓની પરિસ્થિતિ સાંભળી યોગ્ય માર્ગદર્શન આપવું અને પરિસ્થિતિ અનુસાર સંબંધિત તંત્રની મદદ મેળવવા માટે માર્ગદર્શન આપવું પણ હેલ્પલાઇનની કામગીરીનો મહત્વપૂર્ણ ભાગ છે.

૧૮૧ અભયમની ટીમ દ્વારા મહિલાઓને ૧૮૧ અભયમ મોબાઇલ એપ્લિકેશન અને તેની ઉપલબ્ધ સુવિધાઓ અંગે માહિતી આપી, જરૂરિયાતના સમયે તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. ૧૮૧ અભયમની આ જાગૃતિ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ અને યુવતીઓમાં પોતાની સુરક્ષા અંગે જાગૃતિ વધારવાનો, હેલ્પલાઇનની સેવાઓ વિશે માહિતી પહોંચાડવાનો અને મુશ્કેલીના સમયે સંકોચ વિના સહાય મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. મહિલા સુરક્ષા સમગ્ર સમાજની સહિયારી જવાબદારી છે. મહિલાઓ ભયમુક્ત વાતાવરણમાં તહેવારની ઉજવણી કરી શકે અને જરૂરિયાતના સમયે યોગ્ય સહાય મેળવી શકે તે માટે ૧૮૧ અભયમની ટીમ સતત પ્રયત્નશીલ છે.

**મહિલાઓને ખાસ અપીલઃ** નવરાત્રિ દરમિયાન કે અન્ય કોઈપણ સમયે છેડતી, હેરાનગતિ, ધમકી કે અસુરક્ષાનો અનુભવ થાય તો ચૂપ ન રહો. પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપો અને સહાય માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરો. **તાત્કાલિક કટોકટીમાં ૧૧૨ ઇમરજન્સી સેવાનો સંપર્ક કરો. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન** મહિલાઓની સુરક્ષા, સન્માન અને સહાય માટે હંમેશાં પ્રતિબદ્ધ

## બારડોલી નવરાત્રિ મહોત્સવમાં આગની ઘટના માટે મોકડ્રિલ

### લોકોને જાગૃત કરવા ફાયર વિભાગે બચાવ કામગીરીનું નિદર્શન કર્યું, પોલીસ પણ હાજર રહી





બારડોલી- સુરત જિલ્લાના બારડોલીમાં આવેલા સ્વરાજ આશ્રમ ગ્રાઉન્ડ ખાતે લોટસ નવરાત્રિ મહોત્સવમાં આગની મોકડ્રિલ યોજાઈ હતી. નવરાત્રિ દરમિયાન અચાનક આગ જેવી ઘટના બને તો બચાવ કામગીરી કેવી રીતે કરવી, તે અંગે લોકોને જાગૃત કરવાના હેતુથી આ મોકડ્રિલ યોજાઈ હતી. આગ લાગવાની જાણ થતાં જ બારડોલી ફાયર વિભાગની ટીમ તરત ઘટનાસ્થળે પહોંચી હતી. તેમણે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી કરી હતી. આ દરમિયાન બારડોલી પોલીસ પણ સ્થળ પર હાજર રહી હતી.

આ મોકડ્રિલનો મુખ્ય હેતુ નવરાત્રિ મહોત્સવમાં આગ જેવી કટોકટીમાં તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવા અને લોકોને સુરક્ષા માટે જાગૃત કરવાનો હતો. આનાથી લોકોને ગભરાયા વગર સાવચેતી રાખવા અને સુરક્ષાના પગલાં લેવાનો સંદેશ આપવામાં આવ્યો.

### બારડોલી બસ સ્ટેશન ખાતે ગ્રામ હાટનો શુભારંભ

## સ્વસહાય જૂથોની બહેનોને સ્થાનિક ઉત્પાદનોના વેચાણ માટે મળશે બજાર, ગ્રામીણ સ્વસહાય જુથની બહેનો પાસે ચીજવસ્તુઓની ખરીદી કરી શકાશે

**બારડોલી-**DAY-NRLM યોજના અંતર્ગત ગ્રામીણ સ્વસહાય જૂથોની બહેનો દ્વારા ઉત્પાદિત વિવિધ હસ્તકલા સહિતની ચીજવસ્તુઓના વેચાણ અને બજાર વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાના હેતુથી બારડોલી બસ સ્ટેશન ખાતે નિર્મિત ગ્રામ હાટનું ઉદ્દઘાટન સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાના હસ્તે કરાયું હતું. આ અવસરે ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવેન્દ્ર મીના, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મયૂરભાઈ રાઠોડ તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરતના નિયામકશ્રી એમ. બી. પ્રજાપતિ પણ ઉપસ્થિત રહ્યા હતા.







ગ્રામ હાટની સ્થાપના ગ્રામ્ય મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને સ્વરોજગારને પ્રોત્સાહન આપવા ઉપરાંત સ્થાનિક ઉત્પાદનોને યોગ્ય બજાર ઉપલબ્ધ કરાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. આ હાટના માધ્યમથી સ્વસહાય જૂથોની બહેનોને પોતાના ઉત્પાદનોનું સીધું વેચાણ કરવા માટે સુવિધાજનક પ્લેટફોર્મ મળશે. પરિણામે, તેમના ઉત્પાદનોની બજાર સુધી પહોંચ વધશે તેમજ આવકમાં વૃદ્ધિ અને આત્મનિર્ભરતા તરફ આગળ વધવાની નવી તકો ઊભી થશે.

આ પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, મોટી સંખ્યામાં સખી મંડળોની બહેનો તેમજ જિલ્લા અને તાલુકાના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ ગ્રામીણ મહિલાઓની આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને સ્થાનિક સ્તરે ઉત્પાદિત ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવા માટે ઉપયોગી સાબિત થશે.










ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બારડોલી સુગરમાં સિઝન ૨૦૨૬-૨૭ ના શ્રીગણેશઃ ૧૪ લાખ મે. ટન પિલાણ થશે



**સંચાલકોએ નવી સિઝન નિર્વિઘ્ને પાર પડે તે માટે પ્રાર્થના કરી સમગ્ર સંસ્થા પરિવારને શુભકામના પાઠવી હતી. બારડોલી સુગર દ્વારા આગામી સિઝન દરમિયાન કુલ ૧૪ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ કરવાનો વિશાળ લક્ષ્યાંક છે.**

બારડોલી- સમગ્ર દક્ષિણ ગુજરાતના ખેડૂતોની આર્થિક જીવાદોરી અને એશિયા ખંડમાં સહકારી ક્ષેત્રે સૌથી મોટી ગણાતી બારડોલી સુગર ફેક્ટરીમાં વર્ષ ૨૦૨૬-૨૭ની નવી શેરડી પિલાણ સિઝન માટે બોઈલર પ્રદિપ્ત વિધિ સંપન્ન થઈ છે.

આસો સુદ બીજ, ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ના પાવન દિવસે સંસ્થાના પ્રમુખ મુકેશચંદ્ર નગીનભાઈ પટેલના વરદહસ્તે શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે બોઈલર પ્રજવલિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપપ્રમુખ અનિલકુમાર પટેલ, બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજિંગ ડિરેક્ટર, ડેપ્યુટી જનરલ મેનેજર, વાહન ઓપરેટર સમિતિના સભ્યો તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંચાલકોએ નવી સિઝન નિર્વિઘ્ને પાર પડે તે માટે પ્રાર્થના કરી સમગ્ર સંસ્થા પરિવારને શુભકામના પાઠવી હતી. બારડોલી સુગર દ્વારા આગામી સિઝન દરમિયાન કુલ ૧૪ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ કરવાનો વિશાળ લક્ષ્યાંક છે.

૧૪ લાખ મે.ટનનું સુવ્યવસ્થિત વિભાજન : સુગરના કાર્યક્ષેત્ર હેઠળ આવતા હજારો હેક્ટર વિસ્તારમાંથી પ્રથમ તબક્કે વહેલી પાકતી રલામ શેરડી અને ત્યારબાદ ક્રમશઃ રરોપણ શેરડીનું કટિંગ હાથ ધરાશે. સમયસર કેલેન્ડર મુજબ કટિંગ થવાથી બંને પ્રકારની શેરડીનું વજન ઘટતું અટકશે અને ખેડૂતોને મહત્તમ ઉતારો મળશે. શિયાળુ પાક માટે ખેતર સમયસર ખાલી થશે, લામ શેરડી વહેલી કપાવાથી ખેડૂતોને રવિ સીઝનમાં ઘઉં, ચણા કે શાકભાજી જેવા આંતરપાક લેવા ખેતર સમયસર ઉપલબ્ધ થઈ જશે, જેથી એક જ વર્ષમાં બેવડી આવક મેળવી શકાશે.

રોકડ પ્રવાહ અને આર્થિક સદ્ધરતા : દિવાળી અને લગ્નસરાની મોસમ પૂર્વે સુગર શરૂ થતાં પિલાણ એડવાન્સ અને હપ્તાની રકમ છૂટી થશે. તેનાથી સહકારી મંડળીઓનું ધિરાણ ભરપાઈ કરવામાં, ઘર ચલાવવામાં ખેડૂતો મોટી રાહત મળશે. ટ્રાન્સપોર્ટેશન અને મજૂરો માટે સંજીવની : વાહન માલિકોને રોજગાર ફેક્ટરી શરૂ થવાની સાથે જ ટ્રેક્ટર, ટ્રક અને બળદગાડાં સહિતના હજારો વાહનો રોડ પર દોડતા થશે. સાથે મહારાષ્ટ્ર અને ડાંગ પંથકમાંથી શેરડી કાપણી માટે આવતા લાખો મજૂરોને પાંચ મહિના સુધી રોજીરોટીનો મુખ્ય સ્ત્રોત આ પિલાણ સીઝન બનશે,

## હાય રે પપ્પુ હાય હાય, રાહુલ તેરી તાનાશાહી નહી ચલેગી

# સુરત કોગ્રેસ કાર્યાલય બહાર ભાજપ મહિલાએ સૂત્રોચ્ચાર કર્યા, પોલીસ સાથે ઘર્ષણ થતાં કાર્યકર્તાઓની અટકાયત





સુરત- સુરતના મક્કાઈપુલ વિસ્તારમાં ૧૨ ઓક્ટોબર)રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો, જ્યાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજીને ધરણા કર્યા હતા. ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે કોગ્રેસ દ્વારા દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, જેના વળતા જવાબરૂપે ભાજપ મેદાનમાં આવ્યું હતું.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપ મહિલા મોરચાની કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં સૂત્રોચ્ચાર કરતી મોરચો લઈને મક્કાઈપુલ સ્થિત કોગ્રેસ કાર્યાલય ખાતે પહોંચી ગઈ હતી. ભાજપની મહિલા કાર્યકર્તાઓએ કોગ્રેસ અને રાહુલ ગાંધી વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કરતા 'હાય રે કોંગ્રેસ હાય હાય', 'હાય રે પપ્પુ હાય હાય' તેમજ 'રાહુલ તેરી તાનાશાહી નહીં ચલેગી' જેવા ઉગ્ર સૂત્રો પોકારી સમગ્ર વિસ્તાર ગજવી મૂક્યો હતો.

સ્થિતિ તંગ બનવાની આશંકાને પગલે પોલીસ કાફલો તાત્કાલિક હરકતમાં આવી ગયો હતો અને કોગ્રેસ કાર્યાલયની સુરક્ષા વધારીને સમગ્ર પરિસરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હતું. ભાજપની મહિલા કાર્યકર્તાઓ કોંગ્રેસ કાર્યાલયમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે પોલીસે તેમને બેરિકેડ્સ લગાવી અટકાવી હતી. આ દરમિયાન કાર્યાલયની બહાર ઊભેલી ભાજપની મહિલાઓ અને કાર્યાલયની અંદર રહેલા કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી ગયા હતા અને બંને પક્ષો વચ્ચે ભારે સૂત્રોચ્ચાર સાથે શાબ્દિક ટકરાવ જોવા મળ્યો હતો.

પોલીસ અને ભાજપની મહિલા કાર્યકર્તાઓ વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતું. પરિસ્થિતિ વણસતી જોઈ પોલીસે વિરોધ કરી રહેલી તમામ ભાજપ મહિલા કાર્યકર્તાઓને ડીટેઇન કરી પોલીસ વાનમાં બેસાડી દીધી હતી. વિરોધ પ્રદર્શન અને કાર્યકરોની અટકાયત બાદ વિસ્તારમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# કાગળ પરની ફેક્ટરીઓ અને નિયમોના ધજાગરા ઉડાવી આચરવામાં આવતી લૂંટ :માંડવીમાં ડુપ્લીકેટ ફર્ટિલાઇઝર વેચાણની બૂમ વચ્ચે ખેડૂતોની ખેતી નિયામકને લેખિત રજૂઆત



માંડવી- માંડવી નગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો સાથે ખાતરના નામે ઉઘાડી લૂંટ અને છેતરપિંડી થતી હોવાની વ્યાપક બુમરાણ ઊઠી છે. એગ્રો સેન્ટરો દ્વારા મોઘા ભાવે ફર્ટિલાઇઝરના નામે બનાવટી અને ડુપ્લીકેટ ખાતર પધરાવી દઈ ખેડૂતોના મો સુધી આવેલો પાકનો કોળિયો છીનવી લેવામાં આવી રહ્યો હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે.

નકલી ખાતરના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા બગડવાની સાથે ખેડૂતોને આર્થિક રીતે પાયમાલ કરવાનો ખેલ ખેલાઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે ખેડૂતો દ્વારા નાયબ ખેતી નિયામક (સુરત) ને પુરાવા સાથે લેખિતમાં રજૂઆત કરી છે. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ખાતરની બેગ પર જે સ્થળનું સરનામું ''મેન્યુફેક્ચરિંગ યુનિટ'' કે ફેક્ટરી તરીકે દર્શાવવામાં આવ્યું છે, તે જગ્યા પર વાસ્તવમાં કોઈ પણ પ્રકારનું ખાતર ઉત્પાદન કે મેન્યુફેક્ચરિંગ થતું જોવા મળતું નથી. કાગળ પર દર્શાવેલી જગ્યાઓ માત્ર પોકળ સાબિત થઈ રહી છે, જે આ સમગ્ર કૌભાંડ કેટલું ઊંડું અને પ્લાનિંગ સાથે આચરવામાં આવી રહ્યું છે તે છતું કરે છે.

ખેડૂતોના વ્યાપક હિતમાં અને જમીનને નુકસાન અટકાવવા માટે શંકાસ્પદ અથવા ડુપ્લીકેટ ખાતરનો બાકી રહેલો સ્ટોક તાત્કાલિક ધોરણે સીલ કરવો અથવા તેના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવો જરૂરી છે. લેબોરેટરી રિપોર્ટ આવવામાં દોઢેક મહિનો થાય છે, દરમિયાન જો વેચાણ ચાલુ રહે, તો વધુ ખેડૂતો તેની અડફેટે ચડી શકે છે. તેથી વેચાણ પર રોક હિતાવહ છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, માંડવી ખાતે આવેલી કેટલીક એગ્રોની દુકાનોમાં આધાર કાર્ડ કે ફિંગરપ્રિન્ટ (અંગૂઠાનું નિશાન) લીધા વિના જ ખાતરનો વેપલો કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહી, સરકારના નિયમોને નેવે મૂકી ખેડૂતોને GST વિનાના કાચાં બિલ આપી ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે.

માંડવી તાલુકો આદિવાસી અને નાના-સીમાંત ખેડૂતોની વસ્તી ધરાવે છે. અહીં ખેડૂતોને લક્ષ્ય બનાવીને પ્રખ્યાત સરકારી તથા ખાનગી કંપનીઓના ૧૨-૩૨-૧૬ જેવા સબસિડી વાળા ખાતરની બેગો જેવાં જ પેકિંગ બનાવી ડુપ્લીકેટ ખાતર વેચવામાં આવી રહ્યું છે. અંબાજીનાકા ચાર રસ્તા વિસ્તાર અને આસપાસ ખેડૂતોની પરસેવાની કમાણી લૂંટવામાં આવી રહી છે.

**તાત્કાલિક તપાસઃ** નકલી ખાતરનું બોગસ સપ્લાય નેટવર્ક અને વેચાણ કરતા તત્વો સામે તાત્કાલિક કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવે.

**દુકાનોના લાયસન્સ રદ:** ખેડૂતો સાથે છેતરપિંડી આચરતા એગ્રો સેન્ટરોના લાયસન્સ રદ કરી તેમને તુરંત સીલ કરવામાં આવે.

**ખેડૂતોને ન્યાયઃ** ગરીબ અને મહેનતુ ખેડૂતોને ન્યાય અપાવવા માટે સરકારી તંત્ર દ્વારા દરોડા પાડી યોગ્ય પગલાં ભરવામાં આવે.

## કેરળના ગાઢ જંગલમાં સુરત સાયબર સેલનું દિલધડક ઓપરેશન

# સ્થાનિક પોલીસ હાથમાં રાઇફલ લઈ સાથે રહી, લાકડાના બ્રિજ વટાવી મહિલા આરોપીને દબોચી; ટ્રેડિંગના નામે ૧૩.૧૦ લાખની છેતરપિંડી



સુરત- સુરત સાયબર ક્રાઇમ સેલ દ્વારા શેરબજારમાં રોકાણના બહાને સામાન્ય નાગરિકોને છેતરતી ગેંગ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સુરતના એક ફરિયાદીને શેર ટ્રેડિંગમાં રોકાણ કરવાથી રોજના પાંચ ટકાથી વધુ ઊંચો નફો મળશે તેવી લાલચ આપીને ઠગોએ સંપર્ક કર્યો હતો. સાયબર ગઠિયાઓએ સૌપ્રથમ ફરિયાદીને ચેટિંગ એપ્લિકેશનના ગ્રૂપમાં એડ કર્યા હતા અને પોતાની કંપની મારફતે વધુ કમાણી કરાવવાના સપના બતાવ્યા હતા. ત્યારબાદ બનાવટી વેબસાઇટની લિંક મોકલી ફરિયાદીનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ઠગ ટોળકીએ સેબીના બોગસ લેટરપેડ અને મેસેજનો ઉપયોગ કરી ફરિયાદી પાસેથી ૧૩.૧૦ લાખ રૂપિયા અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. ફરિયાદીએ જ્યારે નફાના નાણાં વિડ્રો કરવાની રિક્વેસ્ટ નાખી ત્યારે રૂપિયા અટકાવી દઈ ઓનલાઇન ફ્રોડ આચરવામાં આવ્યો હતો.

આ ગુનાની તપાસ દરમિયાન ટેકનિકલ સર્વેલન્સના આધારે બેંક એકાઉન્ટના તાર છેક દક્ષિણ ભારતના કેરળ સુધી પહોંચ્યા હતા. સુરત સાયબર સેલની ટીમ આરોપીને પકડવા માટે કેરળના મલ્લાપુરમ જિલ્લાના નિલંબુર સબ ડિસ્ટ્રિક્ટ હેઠળ આવતા ચોક્કડ ગામ પહોંચી હતી. આરોપી મહિલા જંગલની વચ્ચે આવેલા અંતરિયાળ વીટ્ટીક્કડાવુ વિસ્તારમાં રહેતી હતી. આ જંગલ વિસ્તાર અત્યંત જોખમી અને દુર્ગમ હતો, જ્યાં પાકો રસ્તો પણ નહોતો. જંગલમાં પોલીસ ટીમ પર કોઈ હુમલો ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે સ્થાનિક કેરળ પોલીસના બે જવાન હાથમાં રાઇફલ સાથે સુરતની ટીમની સુરક્ષામાં જોડાયા હતા. બંને ટીમો પગપાળા ચાલીને અને લાકડાના સાંકડા પુલ પરથી જીવના જોખમે પસાર થઈને મહિલાના ઘર સુધી પહોંચી હતી.

# દેશી કટ્ટો-ચપ્પુ તાકી સોનાની બંગડી લૂંટવા જતાં યુપીના બે રીઢા બદમાશ ઝડપાયા, સુરતમાં નવરાત્રિના પ્રથમ દિવસે લૂંટનો પ્લાન ફેલ



સુરત- નવરાત્રિના પ્રથમ દિવસે લૂંટનો પ્લાન ફેલ કરતી વેસુપોલીસે સુરતના પોશ વિસ્તારમાં મોટી લૂંટને અંજામ આપવાનો ઉત્તર પ્રદેશની મેરઠ ગેંગનો ખતરનાક મનસૂબો નિષ્ફળ બનાવ્યો છે. તહેવારના માહોલમાં મોડી રાત્રે લૂંટના ઈરાદે ત્રાટકેલા ૨ રીઢા ગુનેગારોએ કારમાં બેઠેલી મહિલાને નિશાન બનાવી હતી. ગુનેગારોએ મહિલાના માથા પર દેશી કટ્ટો અને ગળા પર ચપ્પુ મૂકી સોનાના દાગીના લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, નજીકમાં જ પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ સ્ટાફની ત્વરિત સતર્કતાને કારણે લૂંટનો મોટો પ્લાન ફેલ થયો હતો અને બંને લૂંટારુઓને હથિયારો સાથે રંગેહાથ દબોચી લેવાયા હતા.

ગઈકાલે મોડી રાત્રે તારીખ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ એક દંપતી જમીને વેસુ વિસ્તારમાં સોડા પીવા માટે નીકળ્યું હતું. પતિ સોડા લેવા કારમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમની પત્ની કારમાં બેઠી હતી.

આ દરમિયાન અજાણ્યા ૨ લૂંટારુઓ ધસી આવ્યા હતા અને કારની બારીમાંથી મહિલાના માથા પર દેશી કટ્ટો તેમજ ગળાના ભાગે તીક્ષ્ણ ચપ્પુ મૂકી દીધું હતું. બદમાશોએ સોનાની બંગડી અને રોકડ આપી દેવા ધમકી આપી હતી. કારનો દરવાજો ખુલ્લો હોવાથી મહિલાએ હિંમત દાખવી બહાર નીકળી જોરજોરથી બૂમાબૂમ કરી મૂકતાં લૂંટારુઓ હેબતાઈ ગયા હતા.

મહિલાની ચીસાચીસ સાંભળી નજીકમાં જ પેટ્રોલિંગ કરી રહેલા વેસુ પીઆઈ અને સર્વેલન્સ સ્ટાફના જવાનો ગણતરીની સેકન્ડોમાં દોડી આવ્યા હતા. પોલીસને જોઈ લૂંટારુઓ પાસે આવેલી રઘુવીર સીએરા નામની ૧૩ માળની નિર્માણાધીન બિલ્ડિંગ તરફ ભાગ્યા હતા. પોલીસે તાત્કાલિક ૨ ટીમ બનાવી સમગ્ર બિલ્ડિંગને કોર્ડન કરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. બહાર ભાગી રહેલા ૧ શખ્સને પીછો કરીને ઝડપી લેવાયો હતો, જ્યારે બીજા આરોપીને ૧ કલાકની શોધખોળ બાદ બિલ્ડિંગના બેઝમેન્ટના ખૂણામાં પતરા પાછળ છુપાયેલી હાલતમાં પોલીસે ઝડપી પાડ્યો હતો.

## બારડોલીના ભક્તો માટે ટ્રેનને સ્ટોપેજ આપવા DRMને રજૂઆત

# સમ્મેદ શિખરજીથી પરત ફરતા યાત્રિકોને હાલાકી ન પડે તે માટે સાંસદની દોડધામ

બારડોલી- પવિત્ર તીર્થધામ શ્રી સમ્મેદ શિખરજી પંચ તીર્થની ભાવભરી મહાયાત્રા પૂર્ણ કરીને પરત ફરી રહેલા બારડોલીના ૨૦૦ જેટલા જૈન શ્રદ્ધાળુઓ માદરે વતન પહોંચવામાં કોઈ મુશ્કેલી ન અનુભવે તે માટે બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવા વહારે આવ્યા છે.

તેમણે જૈન સમાજની સુવિધા માટે પશ્ચિમ રેલવે (મુંબઈ ડિવિઝન) ના DRM ને પત્ર લખીને આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનને બારડોલી સ્ટેશને હંગામી સ્ટોપેજ આપવાની રજૂઆત કરી છે. સવારે હંગામી સ્ટોપેજ આપવા માગણી કરાઈ

યાત્રિકોની આ હાલાકી ધ્યાને આવતા જ સાંસદ પ્રભુભાઈ વસાવાએ લોકહિતમાં ત્વરિત પગલાં લીધા હતા. તેમણે રેલવે તંત્રને પત્ર પાઠવી વિનંતી કરી છે કે, આગામી તા. ૧૨/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૭:૩૮ કલાકે બારડોલીથી પસાર થતી આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસને માત્ર એક દિવસ માટે બારડોલી સ્ટેશને અસ્થાયી આપવામાં આવે, જેથી તમામ યાત્રાળુઓ સુખરૂપ પોતાના ઘરે પહોંચી શકે.

અન્ય સ્ટેશને ઉતરીને આવવું ન પડે તે માટે રજૂઆત બારડોલી વિધાનસભા વિસ્તારના આશરે ૨૦૦ જૈન યાત્રાળુઓ Train No. 19436 (આસનસોલ-અમદાવાદ એક્સપ્રેસ) દ્વારા પરત ફરી રહ્યા છે. આ ટ્રેનનું બારડોલી રેલવે સ્ટેશન પર નિયમિત સ્ટોપેજ નથી. જો સ્ટોપેજ ન મળે તો યાત્રાળુઓને સુરત કે અન્ય દૂરના સ્ટેશને ઉતરીને ભારે સામાન સાથે લાંબી મુસાફરી કરીને બારડોલી આવવું પડે તેમ છે.

# વારાણસીમાં CMPPR દ્વારા નમો બુક ફેસ્ટ-૨ નું ભવ્ય આયોજન, દિલ્હી માં થયેલ પ્રથમ સંસ્કરણ થી સુરત ની કીર્તિ સેતુ ફાઉન્ડેશન સહયોગી સંસ્થા રહી

## નમો બુક ફેસ્ટમાં વડાપ્રધાન મોદીના વિચારો રજૂ કરતી ૫૦૦ વધુ પુસ્તક પ્રદર્શિત કરાઈ હતી




**સુરત-** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં ભવ્ય નમો બુક ફેસ્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી લોકો જોડાયા હતા. આ આયોજનમાં પ્રથમ સંસ્કરણ થી જ સહયોગી સંસ્થા તરીકે સુરતની કીર્તિસેતુ ફાઉન્ડેશન એ પોતાની મહત્વની ભૂમિકા ભજવી હતી.

વિકસિત ભારત ૨૦૪૭ એ કેવું હોવું જોઈએ અને કેવા પ્રકારની ટેક્નોલોજી થશે તે બાબતે યુવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહ હાજર રહ્યા હતા. તેઓએ યુવાનોને AI અને સ્પેસ ટેકનોલોજી ના ભવિષ્યની દિશા બાબતે માહિતી આપી હતી. જેન ઝી વિચારોને લઈને પણ મહત્વ ની ચર્ચા કરાઈ જેના પર KSF ના જનરલ એડવાઈઝર યુવરાજ પોખરના એ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

વિકસિત ભારત બાબતની આ ચર્ચામાં મોટી સંખ્યામાં યુવાનો, વૈજ્ઞાનિકો વિશેષજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા અને હાલની ટેક્નોલોજી ક્યા પ્રકારની છે અને આગામી સમયમાં શું નવું આવશે તેની માહિતી મેળવી હતી.

**વિકસિત ભારત ૨૦૪૭ એ કેવું હોવું જોઈએ અને કેવા પ્રકારની ટેકનોલોજી થશે તે બાબતે યુવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહ હાજર રહ્યા હતા. તેઓએ યુવાનોને AI અને સ્પેસ ટેકનોલોજી ના ભવિષ્યની દિશા બાબતે માહિતી આપી હતી.**

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### નવરાત્રિ એટલે શક્તિની ઉપાસનાનું પર્વ

નવરાત્રિનાં નવશબ્દ દુર્ગામાતાની સંખ્યાપણ નવ છે તેની ઉપાસનાનું પર્વનાં નવ દિવસ નવરાત્રિ તરીકે ઓળખાય છે. વરસમાં કુલ ચાર નવરાત્રી આવે છે. તેમાં મુખ્ય ચૈત્ર નવરાત્રિના નવ દિવસ અને આસો માસનાં પ્રારંભથી આસો નવરાત્રિ ગણાય છે.

દુર્ગા માતાનાં નવ સ્વરૂપમાં (૧) શૈલ પુત્રી (૨) બ્રહ્મચારિણી (૩) ચંદ્ર ઘંટા (૪) કુષ્માણ્ડી (૫) સ્કંદમાતા (૬) કાત્યાયની (૭) કાલરાત્રિ (૮) મહાગૌરી (૯) સિદ્ધિરાત્રી આ દિવસોમાં દિવસે સાધના, દુર્ગાપાઠ અને રાત્રે ભજન-કીર્તન-રાસ દ્વારા માતાજીની આરાધના કરવામાં આવે છે અને 'શક્તિની ઉપાસના'નું પર્વ માનવામાં આવે છે.

સમગ્ર સૃષ્ટિનું સંચાલન આ શક્તિથી થાય છે. પુરુષમાં રહેલ પુરૂસત્વની શક્તિ અને સીમાં રહેલ શક્તિનાં સંયોજનથી સમગ્ર સંસારનું સંચાલન થાય છે. સમાજમાં સદવિચારો ટકાવવા માટે શક્તિની ઉપાસના આવશ્યક છે. અનાદિકાળથી સત્ વિચારો ઉપર, દૈવી વિચારો ઉપર આસુરી વૃતીઓ હુમલાઓ કરતી આવી છે દૈવી વિચારોમાં અગવડતા આવતા જ દેવોએ ભગવાન પાસે શક્તિ માંગી છે. મહિષાસુર, શુભ, નિશુભ ઈત્યાદિ રાક્ષસોને ડામવા માટે અને દૈવી સંપત્તિની પુનઃસ્થાપના કરવા માટે દૈવી શક્તિ જુદા જુદા સ્વરૂપે પ્રગટ થઈ હતી અને સાત્વિક માણસોને અભય કર્યા હતા અને કરી રહી છે. વ્યવહારમાં જુદા જુદા પ્રકારે જે કાંઈ શક્તિ વપરાય છે. તે બધી શક્તિ પરમેશ્વરની જ છે. ઉપભોગ કરતી વખતની શક્તિ માં ભવાની છે. પુરુષાર્થ માટે વપરાતી શક્તિ લક્ષ્મી તરીકેની જાણીતી છે. કોપાયમાન થતી વખતની શક્તિ દુર્ગાશક્તિ છે અને પ્રલય વખતની શક્તિ કાલી શક્તિ ગણાય છે. શક્તિની ઉપાસનાથી લૌકિક વૈભવ ઉપરાંત જ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. માં બાળકનું ધ્યાન રાખે છે. આથી જ માં ની ઉપાસનાનાં પર્વનું ખાસ મહત્વ છે. શંકરાચાર્ય એ કહ્યું છે કે કુપુત્રો જાય તે ક્વચિદપિ કુ માતા ન ભવતિ છોરૂ કછોરૂ થાય પણ ક્યારેય માતા કુમાતા થતી નથી. સમગ્ર વિશ્વમાં આ શક્તિ ત્રણ રૂપમાં વ્યાપક છે. મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી આ રૂપે તે સંપન્ન છે. વસંતાદિ છ ઋતુમાં આ ત્રણે સ્વરૂપની પૂજા થાય છે. ૬ટ૩=૧૮ થાય. એટલે અઢાર દિવસમાંની પૂજાનું વિશેષ મહત્વ છે. નવ-નવ દિવસ ચૈત્રી નવરાત્રી અને શારદી એટલે આસો મહિનાની આ નવરાત્રી-નવરાત્રીનું વિભાજન કરી માતાજીની આરાધના કરવામાં આવે છે. આનું વિશદ્ વર્ણન ઋગવેદનાં વાગા ભૂષણીયમાં આપેલુ છે. આ ઉપરાંત માર્કંડેય દેવી ભાગવતમાં પણ જોવા મળે છે.

**નવરાત્રિના નવ દિવસે નવદુર્ગાના સ્વરૂપો :-**

(૧) શૈલપુત્રી :- માં દુર્ગાનું આ પહેલુ સ્વરૂપ છે. હિમાલયમાં જન્મ લેવાથી તેને શૈલપુત્રી કહે છે. તેનું વાહન વૃષભ છે. જમણા હાથમાં ત્રિશુલ અને ડાબા હાથમાં કમળ ધારણ કર્યું છે. તેની શક્તિ અનંત અને અપાર છે. નવરાત્રિના પહેલા દિવસે આ માતાની ઉપાસના કરવામાં આવે છે.

(૨) બ્રહ્મચારિણી :- જમણાં હાથમાં માળા અને ડાબા હાથમાં કમંડળ ધારણ કર્યું છે તેની ઉપાસનાથી વિજય, ત્યાગ, વૈરાગ્ય તથા સંયમની વૃદ્ધિ થાય છે.

(૩) ચંદ્રઘંટા :- ત્રીજે દિવસે આનું પુજન થાય છે. તેનું વાહન સિંહ છે. આને દશભુજાઓ છે. મસ્તક ઉપર અર્ધચંદ્ર છે. આની ઉપાસનાથી વિપત્તિઓ નાશ પામે છે.

(૪) કુષ્માંડા :- આ જ માતાજી, સૃષ્ટિની આદ્યશક્તિ સ્વરૂપ છે. તેનું વાહન પણ સિંહ છે. આની ભક્તિથી આરોગ્યની વૃદ્ધિ થાય છે. તેને આઠભૂજાઓ છે. તેના હાથમાં કમંડળ, ચક્ર, ગદા, અમૃતકળશ, કમળનું ફુલ, સિદ્ધિ પ્રદાન કરનારી માળા છે.

(૫) સ્કન્દમાતા :- આને ચાર ભુજાઓ છે તેના પૂજનથી સમસ્ત ઈચ્છાઓની પૂર્તિ થાય છે. પાંચમે દિવસે આની પૂજા થાય છે.

(૬) કાત્યાયની :- આ માંનું છઠ્ઠું સ્વરૂપ છે. મહર્ષિ કત્યાયને સર્વપ્રથમ તેની ઉપાસના કરી હોવાથી તેનું નામ કાત્યાયની પડ્યું હતું, તેનું વાહન પણ સિંહ છે. અને તેને ચારભુજાઓ છે. તેની પૂજાથી ધર્મ,અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૭) કાળરાત્રિ :- આ માંનું સાતમુ, પ્રચલિત સ્વરૂપ છે તેનું સ્વરૂપ ભયાનક છે. તે ભક્તોને ડરાવતી નથી પરંતુ દુષ્ટોનો, પાપીઓનો વિનાશ કરે છે. તેનું સ્વરૂપ કાળારંગનું-વિખારાયેલ વાળો, ગળામાં ભવ્ય માળાઓ વાળું છે. ડાબી બાજુના હાથમાં લોખંડની કટાર છે. ચેન હાથમાં તલવાર છે. ત્રિનેત્રધારી છે.

(૮) મહાગૌરી :- મા દુર્ગાનું આ આઠમું સ્વરૂપ છે. તેના વસ્ત્રો અને આભુષણ શ્વેત છે. વૃષભ ઉપર સવાર થયેલીમાં મહાગૌરી અત્યંત શાંત. પાપનાશને કરનારી છે. તેની કઠોર તપશ્ચર્યાથી તેનો રંગકાળો થઈ ગયો હતો પરંતુ શિવજીએ તેમના ઉપર પવિત્ર જળ છાંટ્યુ હતું. જેથી તે ગૌરવર્ણવાળા અને ક્રાંતિવાન બની ગયા હતા જેથી તેને મહાગૌરી કહે છે .

(૯) સિદ્ધિદાત્રિ :- આ માં દુર્ગાનું નવમું સ્વરૂપ છે. તેને ચાર ભુજાઓ છે તેનું વાહન સિંહ છે તેની સાધના કરવાથી બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

માં દુર્ગાના આ નવસ્વરૂપની આસ્થાથી સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા સંપત્તિની પ્રાપ્તિ થાય છે. નવરાત્રિ આ રીતે શક્તિપુજાનું મહાન પર્વ મનાય છે.

**ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે**

• ૫-સિટર • ૭-સિટર •





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## હોટેલ-રેસ્ટોરન્ટને મનપાનું ૭ દિવસનું છેલ્લુ અલ્ટીમેટમ

# કિચનમાં સી.સી.ટી.વી. નહી હોય તો નોટિસ બાદ લાઈસન્સ રદ્દ થશે, ૧૨ દિવસમાં ૧૫૦૦ માંથી માત્ર ૧૦% હોટેલમાં લાઈવ સ્ટ્રીમિંગ



સુરત- સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની તમામ હોટલ અને રેસ્ટોરન્ટના કિચનમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અને તેનું લાઇવ સ્ટ્રીમિંગ ગ્રાહકોને દર્શાવવા માટે ૭ દિવસનું આખરી અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. સુરત શહેરમાં અંદાજે ૧૫૦૦ જેટલી નાની-મોટી હોટેલ અને રેસ્ટોરન્ટ ધમધમી રહી છે, પરંતુ ચોકાવનારી વાસ્તવિકતા એ છે કે અત્યાર સુધીમાં તેમાંથી માત્ર ૧૦૦થી ૧૫૦ હોટેલોએ જ કિચનમાં સી.સી.ટી.વી. લગાવીને ગ્રાહકો માટે સ્ક્રીન મૂકવાની તસ્દી લીધી છે. મનપા તંત્રએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, આગામી ૭ દિવસની અંદર જો બાકીની તમામ હોટલો આ વ્યવસ્થા ઊભી નહીં કરે, તો ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરીને નોટિસ બાદ તેમનું લાઈસન્સ રદ્દ કરી દેવામાં આવશે.

મનપા કમિશનરને જાહેર જનતા તરફથી એવી ફરિયાદો મળી હતી કે અનેક હોટલોના કિચનમાં ગંદકી અને બિન-આરોગ્યપ્રદ વાતાવરણ વચ્ચે ખોરાક બનાવવામાં આવે છે. આથી મનપા દ્વારા આદેશ કરાયો છે કે રસોઈ કઈ ગુણવત્તા અને હાઇજીન સાથે તૈયાર થાય છે તે ગ્રાહકો પોતાની નજરે જોઈ શકે તે માટે બેઠક વ્યવસ્થા (ડાઇનિંગ એરિયા) પાસે ટીવી કે એલઈડી સ્ક્રીન લગાવવી ફરજિયાત છે. ગ્રાહકો ટેબલ પર બેસીને જ કિચનની પ્રવૃત્તિઓનું સીધું પ્રસારણ જોઈ શકશે, જેથી ખાદ્ય સુરક્ષા બાબતે સંપૂર્ણ પારદર્શિતા જળવાઈ રહે.

આ સમગ્ર ઝુંબેશ અને કડક આદેશ અંગે સુરત મનપાના ફૂડ સેફ્ટી અધિકારી ભાવેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, કમિશનર અને આરોગ્ય અધિકારી દ્વારા આદેશ બહાર પાડવામાં આવ્યો છે કે હોટેલ-રેસ્ટોરન્ટના કિચનમાં ઈઈઝટ કેમેરા લગાવવા અને તેનું સીધું પ્રસારણ બેઠક વ્યવસ્થા પાસે દર્શાવવું, જેથી ગ્રાહકને ખ્યાલ આવે કે તેમનો ખોરાક કઈ પરિસ્થિતિમાં અને કેવી હાઈજેનિક કન્ડિશનમાં બને છે. શહેરમાં અત્યાર સુધીમાં ૯૫થી વધીને લગભગ ૧૫૦ જેવી હોટલોએ જ આ વ્યવસ્થા ઊભી કરી છે. બાકીના સંચાલકોને ૭ દિવસનો સમય આપવામાં આવ્યો છે. જો આ વ્યવસ્થા ઊભી નહીં કરાય તો નોટિસ પાઠવવામાં આવશે અને કાયદાની જોગવાઈ મુજબ લાઈસન્સ સ્થગિત કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

ખાદ્ય સુરક્ષાના કડક અમલ માટે આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા છેલ્લા ૧૦ દિવસમાં શહેરની ૭૨૦ જેટલી હોટેલ-રેસ્ટોરન્ટમાં સઘન તપાસ કરવામાં આવી છે. હજુ પણ ૧૫૦૦માંથી ૧૩૫૦ જેટલા એકમો આ નિયમનું પાલન કરવામાં ઉદાસીન જણાયા છે. આગામી ૭ દિવસની ડેડલાઇન પૂર્ણ થયા બાદ ખુદ મનપા કમિશનર શહેરની વિવિધ હોટેલોમાં સરપ્રાઈઝ ચેકિંગ કરે તેવી પૂરી શક્યતા છે. નિયમોનું ઉલ્લંઘન કરનારા એકમો સામે સ્થળ પર જ દંડાત્મક પગલાં ભરી સીલિંગ અને લાઈસન્સ રદ્દીકરણની કડક કાર્યવાહી કરવામાં આવશે.

## અંકલેશ્વરમાં આદિવાસી સમાજે ઘૈરૈયા નૃત્ય કર્યું:નવરાત્રી પર્વ નિમિત્તે સાંસ્કૃતિક વારસાને જીવંત રાખ્યો, યુવાનો અને બાળકોએ ભાગ લીધો



અંકલેશ્વર- આજથી જગત જનની માં જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રીનો પ્રારંભ થયો છે. આ નિમિત્તે અંકલેશ્વર પંથકના આદિવાસી સમાજે ઘેરૈયા નૃત્ય રજૂ કરીને પોતાના સાંસ્કૃતિક વારસાને જીવંત રાખ્યો છે.

આદિવાસી સમાજ પોતાની પ્રાચીન પરંપરા અનુસાર ઘેરૈયા નૃત્યનું આયોજન કરે છે. નવરાત્રીના પર્વને આ સમાજ પોતાની આગવી ઓળખ સાથે ઉજવે છે. સુરતી ભાગોળ વિસ્તારમાં થયેલા આ નૃત્યમાં યુવાનો સાથે શાળામાં ભણતા આદિવાસી બાળકોએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. સૌએ પરંપરાગત વેશભૂષા અને વાજિંત્રો સાથે ભેગા મળીને નૃત્ય કર્યું હતું.

ઘૈરૈયા નૃત્યમાં પુરુષો સ્ત્રી વેશ ધારણ કરીને માતાજીની ભક્તિમાં લીન થાય છે. આ નૃત્ય ફક્ત મનોરંજનનું સાધન નથી, પરંતુ તે પેઢી દર પેઢી સંસ્કૃતિને આગળ વધારવાનું અને સામુદાયિક એકતાનું પ્રતીક પણ છે.

## મંત્રીઓએ સોનગઢની આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ સાથે ભોજન

### મંત્રી કમલેશભાઈ પટેલ અને મંત્રી ડો જયરામભાઈ ગામીતે સુવિધાઓ તપાસી, શિક્ષકો સાથે વાત કરી



ઉચ્છલ, તાપી (વ્યારા)- રાજ્યકક્ષાના નાણાં મંત્રી કમલેશ પટેલ અને રમત મંત્રી ડો. જયરામ ગામીતે સોમવારે તાપી જિલ્લાના સોનગઢમાં આવેલી કસ્તુરબા આશ્રમશાળા, ટોકરવાની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓ સાથે ભોજન કર્યું અને તેમની સાથે વાતચીત કરી.

મંત્રીઓએ શાળા પરિસરનું નિરીક્ષણ કર્યુંઅને સમીક્ષા કરી. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ સાધ્યો. શાળાના સંચાલકો સાથે ભૌતિક સુવિધાઓ, શિક્ષકોની હાજરી અને શાળાના સંચાલનમાં આવતી મુશ્કેલીઓ અંગે વિગતવાર ચર્ચા કરી, જરૂરી માર્ગદર્શન આપ્યું.

ખાસ કરીને, વિદ્યાર્થીઓને પીરસાતા ભોજનની ગુણવત્તા, પૌષ્ટિકતા અને રસોડાની સ્વચ્છતા પર ધ્યાન આપવામાં આવ્યું. મંત્રીઓએ વિદ્યાર્થીઓ સાથે ભોજન કરીને તેની ગુણવત્તાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો. આ પ્રસંગે જિલ્લાના અગ્રણી ડો. જગદીશ પટેલ, સુરજ વસાવા સહિતના હોદ્દેદારો અને સ્થાનિક જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

## અમદાવાદના નરોડામાં વિદ્યાર્થિની અને પિતાના ફોટા સાથે સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ, પૂર્વ પ્રેમીની પત્ની સામે ફરિયાદ



અમદાવાદના નરોડામાં AMTS બસ ડ્રાઇવરની પત્નીએ ૨૧ વર્ષીય નર્સિંગ વિદ્યાર્થિનીને સોશિયલ મીડિયા પર બદનામ કરી છે. વિદ્યાર્થિનીએ ડ્રાઇવર પરિણીત હોવાનું જાણતા સંબંધ તોડ્યો હતો. તેમ છતાં, ડ્રાઇવરની પત્નીએ શંકા રાખી યુવતી અને તેના પિતાના ફોટા સાથે અભદ્ર લખાણ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું નરોડા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના નરોડામાં રહેતી ૨૧ વર્ષીય નર્સિંગ વિદ્યાર્થિની સાથે અગાઉ પ્રેમસંબંધ ધરાવતા AMTS બસ ડ્રાઇવરની પત્નીએ સોશિયલ મીડિયા પર યુવતી તેમજ તેના પિતાના ફોટોગ્રાફ્સ સાથે અભદ્ર લખાણ પોસ્ટ કરી બદનામ કરતાં નરોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. યુવતીને બસ ડ્રાઇવર પરિણીત હોવાની જાણ થતાં તેણે સંબંધ તોડી નાખ્યો હોવા છતાં, ડ્રાઇવરની પત્નીએ શંકા રાખી હેરાનગતિ શરૂ કરી ઇન્સ્ટાગ્રામ પર વાંધાજનક સ્ટોરી મૂકી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.સિટી ગાઇડ જુઓ

નરોડા વિસ્તારમાં પરિવાર સાથે રહેતી ૨૧ વર્ષીય યુવતી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરે છે. એક વર્ષ અગાઉ યુવતી AMTS બસમાં બેસીને તેના ફોઈના ઘરે જઈ રહી હતી, ત્યારે બસ ડ્રાઇવર સાથેપરિચય થયો હતો. ત્યારબાદ બંનેએ મોબાઈલ નંબરની આપ-લે કરી વોટ્સએપ પર વાતચીત શરૂ કરી હતી અને પ્રેમસંબંધ બંધાતાં અલગ-અલગ સ્થળે મળતાં હતાં.

## સુરક્ષા કારણોસર ૨૨માંથી ૧૮ મોટા ગરબા આયોજનને ફાયર NOC મળી

### ચાર ડોમવાળી નવરાત્રિને નોટિસ, સરસાણા ડોમમાંથી ૧૭ સિલિન્ડર મળ્યા બાદ છેલ્લી ઘડીએ મંજૂરી મળી



સુરત- સુરત શહેરમાં માં આદ્યશક્તિની આરાધનાના મહાપર્વ નવરાત્રિનો રંગેચંગે પ્રારંભ થઈ ચૂક્યો છે. જો કે, કેટલાક મોટા અને કોમર્શિયલ ગરબા આયોજકો માટે ફાયર સેફ્ટીની મંજૂરી માથાનો દુઃખાવો સાબિત થઈ છે. મ્યુનિ.ના ફાયર વિભાગ દ્વારા કડક વલણ અપનાવવામાં આવતા હજુ પણ ૪ આયોજકો ફાયર NOC થી વંચિત રહ્યા છે. જ્યારે VR મોલ સામે ચાર ડોમવાળી નવરાત્રિને એક નોટિસ અને સરસાણા ડોમની નવરાત્રિને બે નોટિસ આપવામાં આવી હતી. સરસાણા ડોમમાં જ ૧૭ ગેસ સિલિન્ડર પણ મળી આવતા બીજી નોટિસ ફટકારી હતી. આ સાથે હજીરા રોડની નવરાત્રિને છેલ્લી ઘડીએ ફાયર NOC આપવામાં આવી હતી.

સુરત શહેરમાં મ્યુનિ.ના ફાયર વિભાગ દ્રારા નવરાત્રિમાં સુરતીઓની સલામતી માટે 30 કડક નિયમો બનાવ્યા છે. સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે ફાયર વિભાગ દ્વારા કડક તપાસ હાથ ધરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પ્રોફેશનલ ગરબાનું આયોજન કરતા આયોજકો તરફથી ફાયર વિભાગની NOC માટે કુલ ૨૨ અરજી ફાયર વિભાગને કરવામાં આવી હતી. જે પૈકી ફાયર સેફ્ટીના નિયમોની ચકાસણી બાદ સાંજ સુધીમાં ૧૮ આયોજકોને ફાયર વિભાગ તરફથી NOC આપી દેવામાં આવી છે. ચાર ગરબા આયોજકોને ફાયર સેફ્ટીની મંજુરી રવિવારે મોડી સાંજ સુધી મળી ન હોવાનું ચીફ ફાયર ઓફિસર બસંત પરીખે જણાવ્યું હતું.

ગરબા આયોજકે ફાયર સેફ્ટી માટે NOC મેળવવા ફાયર વિભાગને અરજી કરી હતી. ફાયર વિભાગના ચેકિંગ દરમિયાન સરસાણા ડોમ ખાતે અને ડુમસ રોડના વીર મોલ સામે આવેલી ચાર ડોમ વાળી નવરાત્રિના ગરબા ગ્રાઉન્ડ પર ફાયર સેફ્ટીના નિયમોમાં ક્ષતિઓ સામે આવી હતી. જેથી બંને ગરબા આયોજકને નોટિસ ફટકારી હોવાનું ફાયર ઓફિસરે કહ્યુ હતું.

## અમરેલી: લાઠીમાં ૪૨ વર્ષથી પરંપરાગત રાસ-ગરબાની રમઝટ: માલધારી સમાજ દ્વારા વર્ષો જૂની પરંપરા જીવંત રખાઈ



અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં મોમાઈ ગરબી મંડળ દ્વારા છેલ્લા ૪૨ વર્ષથી નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ રહી છે. લાઠીની ભરવાડ શેરીમાં માલધારી સમાજના ખેલૈયાઓ પરંપરાગત કસુંબલ ભરવાડી વેશભૂષામાં રાસ-ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે, જે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. ભક્તિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં નવરાત્રિ મહોત્સવની ભારે હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. લાઠીની જાણીતી ભરવાડ શેરીમાં આવેલા 'મોમાઈ ગરબી મંડળ' દ્વારા છેલ્લા ૪૨ વર્ષથી પરંપરાગત રીતે રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. માલધારી સમાજના ખેલૈયાઓ દ્વારા પરંપરાગત કસુંબલ ભરવાડી વેશભૂષા ધારણ કરીને રજૂ કરવામાં આવતી રાસ-ગરબાની રમઝટ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની છે.

લાઠીની ભરવાડ શેરીમાં મોમાઈ ગરબી મંડળ દ્વારા વર્ષોથી ચાલી આવતી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાને આજે પણ અકબંધ રાખવામાં આવી છે. ૪૨મા વર્ષે યોજાયેલા આ નવરાત્રિ મહોત્સવમાં ખેલૈયાઓ પ્રાચીન અને અર્વાચીન ગરબાના તાલ પર માતાજીની ભક્તિમાં લીન થઈ રમઝટ બોલાવી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિના અનોખા સંગમ સમાન આ આયોજનથી સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો

Date- 14/10/2026 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## મોબાઇલના ઉપયોગ અંગેના પારિવારિક મતભેદને પગલે ઘરેથી નીકળેલી બાળકીને

# સુરત રેલવે સ્ટેશન પરથી ૧૦૯૮ અને RPFની ટીમે સુરક્ષિત રીતે પરિવાર સુધી પહોચાડી

ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ની ટીમે બાળકીનું કાઉન્સેલિંગ કરી અભ્યાસ, મોબાઇલના મર્યાદિત ઉપયોગ અને પરિવાર સાથે સંવાદ જાળવવા અંગે માર્ગદર્શન આપ્યું. સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ની ટીમ દ્વારા નિયમિત મુલાકાત દરમિયાન એક બાળકી મળી આવી હતી. બાળકીની સુરક્ષા અને સંભાળને પ્રાથમિક્તા આપીને ટીમ દ્વારા તેને કચેરી ખાતે લાવવામાં આવી હતી, જ્યાં તેની સાથે સંવેદનશીલતાપૂર્વક વાતચીત કરી સમગ્ર પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાઉન્સેલિંગ દરમિયાન બાળકી પાસેથી જાણવા મળ્યું હતું કે મોબાઇલના ઉપયોગ અને અભ્યાસને લગતી બાબતે તેના ભાઈ સાથે મતભેદ થતાં તે ઘરેથી નીકળી ગઈ હતી. ત્યારબાદ ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ની ટીમ દ્વારા પરિવારનો સંપર્ક કરી પરિસ્થિતિ અંગે જરૂરી માહિતી મેળવવામાં આવી હતી.



બાળકીના શ્રેષ્ઠ હિત અને ભાવનાત્મક સુખાકારીને ધ્યાનમાં રાખીને ટીમ દ્વારા તેને સમજાવવામાં આવ્યું હતું કે મોબાઇલનો વધુ પડતો ઉપયોગ અભ્યાસ અને દૈનિક જીવન પર અસર કરી શકે છે. તેને મોબાઇલનો મર્યાદિત ઉપયોગ કરવા, નિયમિત અભ્યાસ કરવા અને પરિવારના સભ્યો સાથે મતભેદ થાય ત્યારે ઘરેથી નીકળી જવાને બદલે શાંતિથી વાતચીત કરીને સમસ્યાનો ઉકેલ લાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શિક્ષણનું મહત્વ અને શિક્ષણ મેળવવાના અધિકાર અંગે પણ સમજણ આપવામાં આવી હતી. સાથે જ, પરિવારના સભ્યોને પણ બાળકની લાગણીઓ અને જરૂરિયાતોને સમજવા, તેની સાથે પ્રેમપૂર્વક વાતચીત કરવા, મોબાઇલના ઉપયોગ અંગે યોગ્ય મર્યાદા નક્કી કરવા તથા અભ્યાસ માટે પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવા અંગે કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.

કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ મુજબ બાળકોની સંભાળ, સુરક્ષા અને શ્રેષ્ઠ હિતને પ્રાથમિકતા આપવાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ૧૦૯૮ની ટીમ દ્વારા જરૂરી સહાય, કાઉન્સેલિંગ અને પરિવાર સાથે પુન:મિલન માટે સંકલન કરવામાં આવ્યું હતું.

અંતે, ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ની ટીમ દ્વારા સંકલન કરીને બાળકીને સુરક્ષિત રીતે તેના પરિવારને સોપવામાં આવી હતી.

આ સમગ્ર કામગીરી બદલ બાળકીના પરિવારે ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ અને RPF ની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. બાળકોની સુરક્ષા અને સંરક્ષણ માટે ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ કાર્યરત છે. મુશ્કેલીમાં મુકાયેલા અથવા સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત ધરાવતા બાળકની મદદ માટે ૧૦૯૮ પર સંપર્ક કરી શકાય છે.

## શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે ૭૯૦ મો આઈ કેમ્પ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૧૩/૧૦/૨૦૨૬ ને મંગળવાર ના રોજ ૭૯૦ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃ શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) શ્રી ક્રિશિવ કિશન પ્રજાપતિ, ખરવાસા (પ્રથમ જન્મદિવસ નિમિતે ) તરફ થી કરાવવામાં આવ્યું .





શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભા, દાંત વિભાગ અને ફિઝિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.

## કીમના સ્વાગત રો હાઉસમાં 'પ્રભુજીઓ' સાથે નવરાત્રિ ઉજવાઈ

ઓલપાડ- સુરત જિલ્લાના કીમ ગામે આવેલા સ્વાગત રો હાઉસમાં નવરાત્રિની ઉજવણી કરાઈ. સોસાયટીએ 'પ્રભુજીઓ' સાથે માતાજીનો તહેવાર ઉજવી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું.



કામરેજ તાલુકાના ધોરણ પારડીમાં આવેલા 'આશીર્વાદ માનવ મંદિર'ના પ્રભુજીઓને સ્વાગત રો હાઉસમાં ખાસ આમંત્રિત કરાયા હતા. સોસાયટીના લોકોએ તેમનું સ્વાગત કર્યું. સોસાયટીના સભ્યોએ આ પ્રભુજીઓ સાથે તાળીઓના તાલે ગરબા રમ્યા. ગરબે ઘૂમતા પ્રભુજીઓના ચહેરા પર આનંદ અને ઉત્સાહ દેખાતો હતો. સોસાયટીના અગ્રણી કિશનભાઈએ જણાવ્યું કે, નવરાત્રિ એટલે માત્ર માતાજીની આરાધના નહીં, પણ સમાજમાં ખુશીઓ વહેંચવી પણ સાચી આરાધના છે. પ્રભુજીઓ સાથે ગરબા રમીને સોસાયટીને ખૂબ આનંદ થયો. સ્વાગત રો હાઉસની આ પહેલની આસપાસના વિસ્તારમાં પ્રશંસા થઇ રહી છે. આનાથી સાબિત થયું કે તહેવારોની ઉજવણી ત્યારે જ સાર્થક બને છે જયારે નિરાધાર લોકોને પણ સામેલ કરાય.

## સુરતમાં 'નન્હી કિલકારી' હેઠળ પોક્સો, નશામુક્ત ભારત કાર્યક્રમ યોજાયો

### જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે સુમન હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને કાયદાકીય જાગૃતિ આપી



**બાળ સુરક્ષા, સાયબર ગુનાઓ પ્રત્યે સાવચેતી અને નશામુક્ત સમાજ બનાવવા માટે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા.**

બારડોલી- સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા નન્હી કિલકારી કાર્યક્રમ યોજાયો હતો. સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલ નંબર ૧૪ અને ૧૫ ખાતે પોક્સો જાગૃતિ અને નશામુક્ત ભારત અંગે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં કાયદાકીય જાગૃતિ લાવવાનો હતો. બાળ સુરક્ષા, સાયબર ગુનાઓ પ્રત્યે સાવચેતી અને નશામુક્ત સમાજ બનાવવા માટે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા.

આ પ્રસંગે ન્યાયાધીશ બી.કે. આવાસિયા, ન્યાયાધીશ એસ.કે. વ્યાસ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ ન્યાયાધીશ આર.એલ. ગુપ્તા હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોક્સો એક્ટ, સાયબર ક્રાઈમ અને નશામુક્ત ભારતના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર અજયભાઈ જગતાપ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવા માટે એક પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાયું હતું.

## કામરેજમાં સ્ટેટ બેક ઓફ ઇન્ડિયાના ATM માં ચોરીનો પ્રયાસ

### CCTV પર કાળો સ્પ્રે માર્યો, ગેસકટરના ઉપયોગથી આગ લાગતાં તસ્કરો ફરાર

કામરેજ- સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં તહેવારોની મોસમ દરમિયાન તસ્કરો સક્રિય થયા હોવાની ઘટના સામે આવી છે. કામરેજની ગુરુકૃપા સોસાયટીના નાકે આવેલા સ્ટેટ બેક ઓફ ઇન્ડિયા ના ATM સેન્ટરમાં તસ્કરોએ ચોરીના ઇરાદે પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ સૌપ્રથમ પોતાની ઓળખ છુપાવવા અને પોલીસથી બચવા માટે અઝખ સેન્ટરમાં લગાવેલા CCTV કેમેરા પર કાળો સ્પ્રે મારી દીધો હતો. ત્યારબાદ અઝખ મશીનમાંથી રોકડ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.



ચોરીના પ્રયાસ દરમિયાન ગેસ કટર અથવા અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની આશંકા છે. આ દરમિયાન અચાનક ATM મશીનમાં આગ ભભૂકી ઊઠતાં તસ્કરો ગભરાઈ ગયા હતા. આગ લાગતાં જ તેઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ અને કામરેજ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર વિભાગની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો અને વધુ નુકસાન થતું અટકાવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને SBI ના સ્ટાફને જાણ કરવામાં આવી હતી. બેંકના અધિકારીઓ ATM સેન્ટર પર પહોંચ્યા બાદ મશીનની તપાસ કરશે. ત્યારબાદ આગ અને તોડફોડને કારણે ATMમાં રહેલી રોકડ રકમને કેટલું નુકસાન થયું છે તે સ્પષ્ટ થશે. હાલ નુકસાનની ચોક્કસ વિગતો સામે આવી નથી.

CCTV કેમેરા પર કાળો સ્પ્રે મારવામાં આવ્યો હોવાથી પોલીસ આસપાસના વિસ્તારોમાં લગાવેલા અન્ય CCTV કેમેરાનાં ફૂટેજ મેળવી રહી છે. તેના આધારે તસ્કરોની ઓળખ અને તેમની અવરજવર અંગે માહિતી મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

તહેવારોની મોસમ નજીક આવી રહી છે ત્યારે ATMસેન્ટરમાં ચોરીના પ્રયાસની ઘટનાથી સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ચિંતા સાથે રોષની લાગણી ફેલાઈ છે. જાહેર સ્થળો અને વેપારી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા માટે લોકો દ્વારા પોલીસ પેટ્રોલિંગ સઘન કરવાની માંગ કરવામાં આવી રહી છે.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર

ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો

Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!

૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ

શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો

Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)